સાલ : ૧૧ / સિલસિલાવાર નંબર : ૧૧૭ / શુમારો : ૩ કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. જુમાદિયુલ ઉલા-જુમાદિયુલ ઉખ્રા ૧૪૩૫ / માર્ચ-એપ્રિલ ૨૦૧૪

ઈલ્મી મોતીઓ

અલ્લાહતઆલાની તૌહીદે હકીકી તેમજ તેની કિબ્રીયાઈ અને કુદરતના ઈલ્મને ઈન્સાનોંમાં પહોંચાડનાર અને એની સાદી અને સાચી સમઝ આપનાર આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી લઈને તમામ અંબિયા થયા, જેઓના સિલસિલાના આખિર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે, જેએ આ દીને તૌહીદ પર મોહર મારી અને આસાનમાં આસાન દીનો દુનિયાની સમઝ આપી. આપના કલામમાં અલ્લાહના કલામનો જલ્વો અને ગહેરાઈ જોવા મિલે છે. આપ ખુદ ફરમાને રબ્બાની મુજબ કલામ અદા કરે છે, અને મુમેનીનને એ જ તરહ કલામને અદા કરવા તરફ દાઅવત કરે છે, **લેહાઝા આપ નાતિકના દરજા પર છે.** આપના કલામની મિસાલ દીનારની છે. સોનાના દીનારને જો વટાવવામાં આવે તો ઘણાં ચાંદીના દિરહમ મિલે. તેથી આપની ઝબાનના એક કલામથી બેશુમાર માઅનાઓ અને બેઈન્તેહા નૂરાની તસવ્વુરાત અદા થાય છે. આપ નબી સાહેબના ઈન્તેકાલ પુરમલાલના વક્ત આપે આપની ઝબાને મુબારકથી હઝાર ઈલ્મી કલામો આપના વસી અને અસાસ વલીયુલ મુમેનીન અમીરૂલ મુત્તકીન મૌલાના અલી (અ.સ.) ને શીખાવેલા છે.

આપ (સ.અ.વ.વ.) ના હરએક કલામ ઈન્સાની ઝિંદગીના હર ઘરેલું-સમાજી મુઆમેલાત વાસ્તે બુનિયાદી અને અસાસી સાબિત થયા. જેને આલમના લોગોને બતાવી દીધું કે, દીન અને તેનો મકસદ શું છે? આ જ બુનિયાદ પર આપે અખ્લાકો તાઅલીમની એક એવી મઝબૂત ઈમારત બાંધી કે, જે ઈન્સાને આકિલ વાસ્તે દીને હક્કની એક ઝાંકી પૈશ કરે છે. આ મોહંમદી કલામની નૂરાની ઈમારતના નિગેહબાન, આ દુનિયામાં આપની આલે તૈયેબમાંથી આપની નસ્સથી કાઈમ થાનાર સાહેબ થયા અને હર ઝમાનમાં મુમેનીનને તે ઈમારત તરફની રાહ બતાવતા રહ્યા. સૈયેદના મોહંમદ બિન તાહેર અલ-હારિસી (ક.રૂ.) ફરમાવે છે કે, "કાઅબતુલ્લાહ છે અને સાથે તેનું હરમ છે. હરમમાં આવનાર હર શખ્સ પર વાજિબ છે કે, તેને કાઅબાના હર રૂકન અને અદબની ખબર હોય." આ જ મિસાલ પર દાઅવતે હાદીયહના હરમમાં દાખિલ થાનારને ચંદ બુનિયાદી ઝરૂરી સવાલોના જવાબ ઝબાની હોવા જોઈએ. આપ મૌલા દાઅવતે હાદીયહમાં એતેકાદ રાખનાર મુમિનને સવાલ કરે છે કે, જો તુંને એમ કહેવામાં આવે કે, તું મુમિન છે યા મુસલમાન? તો તું જવાબ આપજે કે, હું મુમિન છું. અગર તુંને એમ પૂછવામાં આવે કે, તુંને મુસલમાન થયા બાદ ઈમાન મિલું છે યા ઈમાનમાં દાખિલ થયા બગૈર મુસલમાન થયો છે? તો કહેજે કે, મને ઈસ્લામ મિલા બાદ ઈમાન હાસિલ થયું છે. હર શખ્સ જેમ હું મુસલમાન તો હતો જ પણ અલ્લાહતઆલાએ **મને અલીએ આઅલાની વલાયત બખ્શી** તેના સબબ મારો નસીબો બલંદ થયો અને હું મુમિનપણા ની હદમાં દાખિલ થયો.

આપ મૌલા ફરમાવે છે કે, કોઈ તુંને એમ સવાલ કરે કે, તુંને ઈસ્લામ ક્યારે મિલું? તો એમ કહેજે કે, મારી જિસ્માની વિલાદત થઈ તે વક્ત. પછી પૂછવામાં આવે કે, તેની દલીલ શું છે? તો કહેજે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના આ કૌલે મુબારકથી કે આપે ફરમાવું કે, **"હરએક બચ્ચું ઈસ્લામની ફિત્રત પર જ પૈદા થાય છે, એ તો એના વાલેદૈન-માઁ-બાપ એને યહૂદી યા નસ્રાની યા મજૂસી બનાવે છે."** તુંને જે વક્ત ઈસ્લામ બાબત સવાલ થાય તો કહેજે કે, ઈસ્લામનું પહેલું પગથિયું તેનો કલેમો છે જે "લા ઈલાહા ઈલ્લલ્લાહ, મોહંમદુન રસૂલુલ્લાહ" ની શહાદત આપવું છે અને ઈમાન બાબત સવાલ થાય તો આ કલેમાને કામિલ કરજે, જેમ ગદીરે ખુમ્મમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મૌ. અલી (અ.સ.) ને આપની જગા પર કાઈમ કરીને દીનને કામિલ કીધું. તે કામિલ કલેમો છે, "અલીયુન વલીયુલ્લાહ વલ અઈમ્મતો મિન ઝુર્રીયતેહી ખોલફાઉલ્લાહ."

(બકીયાહ પેજ નં. ૨ પર)

અલ્લાહતઆલાના ફેસલા અને હિકમત પર ઈમાન લાવવું દુઃખ દર્દને દૂર કરી દે છે.

(પેજ નં. ૧ નું બાકી)

આપ મૌલા ફરમાવે છે કે, તારા નઝદીક સવાલ થાય કે, તુંને ઈમાન ક્યારે મિલું? તો યાદ રાખજે કે, તારી એક પૈદાઈશ નથી પણ બે પૈદાઈશ છે-**એક જિસ્માની અને બીજી દીની.** તું એમ કહેજે કે, મને ઈમાન મિલું મારી દીની પૈદાઈશ થઈ ત્યારે યાઅની વિલાદતે દીનીયહ થઈ તે વક્ત. આ વિલાદતના વક્ત ઈમામુઝઝમાન (અ.સ.) ના વસીલાથી આપ ઈમામના નાઈબ દાઈયુઝઝમાનએ મારો અહદો મીસાક લીધો. **મારા જિસ્મો જાનને ઈલ્મો અમલ સાથે જોડો.** અલ્લાહતઆલાની આ દાઅવતે શરીફહની માઅરેફત થાવાથી ઈમામુઝઝમાન (અ.સ.) તરફથી નૂરનું નુક્તું મારા સીનામાં ઉતરૂં અને હું નૂરાની સિફત બનીને ઈમાનદારમાં શામિલ થઈ ગયો.

તે બાદ આપ ફરમાવે છે કે, આ જ ઈલ્મ દાઅવતે શરીફહના હરમમાં દાખિલ થાનાર વાસ્તે કાફી-શાફી છે, જેના પર અમલ કરવાથી સબીલે નજાત પર ગામઝન થવાય છે. પણ ઈલ્મને હાસિલ કરવાની પહેલામાં પહેલી શરત ચુપ રહેવું છે અને તે ઈતાઅતગુઝારી અને ખિદમત-ગુઝારીની ચાવી છે. જાહિલીના સબબ કોઈપણ તરહનો સવાલ કરીને સામેવાલાને નીચા બતાવવા તે ઈલ્મીયત નથી. પણ ઈલ્મીયત તો તે છે કે, મુઅલ્લિમની રઝાથી સહી મૌકા પર સહી સવાલ કરીને તેના જવાબ મુજબ અમલ કરવો. **બહેતરીન સવાલ અડધું ઈલ્મ હોય છે.**

દાઅવતે શરીફહના મરકઝ પરથી શાયેઅ થયેલી કિતાબ **"મઝ્ઝનુલ મસાઈલ"** ઈલ્મી સવાલ-જવાબના પૈરાયામાં તરતીબ આપવામાં આવી છે. આ કિતાબ જમાઅતના હર કોઈ ભાઈ-બહેનો વાસ્તે મુફીદ છે, જેને અપની બુનિયાદી અને પાયાની માઅલૂમાત હાસિલ કરવી હોય. ખાસ કરીને મદ્રસા તૈયેબીયહમાં પઢતા મોટા બચ્ચાઓ અને જદીદ મીસાકની ઉંમર પર પહોંચેલા દીકરા-દીકરીઓ આ કિતાબનો ઝિયાદહ ઈસ્તેમાલ કરે છે. ઈલ્મ એક વસીઅ-મોટો દરિયો છે જેનો ફાસલો અને ગહેરાઈ બેઈન્તેહા છે, પણ મુઅલ્લિમે હક્ક જાણે છે કે, આ ખારા પાની માંથી ફાયદામંદ ચીઝો લઈને શાગિર્દને કેટલું આપવું, **જેથી તેની અક્લને રાહત મિલે અને તેનો જાન ઝિંદા રહે.**


રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "મુમિનની સાચી વિરાસત એના ઈલ્મો અમલ છે." મુમિન આ દુનિયાથી ગુઝરે તે પહેલા એને પોતાનો વારિસ કરી જાવો જોઈએ. આ વારિસ દુનિયાની મિલકીયતનો નથી પણ એને જે કઈ ખૈર આઅમાલ-ભલા કામોં પોતાની ઝિંદગીમાં કીધા હોય તેના પર ચાલવા વાસ્તે બીજા મુમિનને તૈયાર કરી જાવો છે. આ ઈલ્મી-અમલી વિરાસત લાફાની છે. કોઈ મુમિને ખૈર અમલનો ચીલો પાડો હશે અને જમાઅતના લોગો જ્યાં તક તેના પર ચાલતા રહેશે ત્યાં તક એ મુમિનભાઈને અલ્લાહતઆલા સવાબો જઝા અતા કરતો રહેશે.

ઈલ્મ છે તાકત, ઈલ્મ છે કૂવત, સબથી વધીને ઈલ્મની કુદરત
ઈલ્મ છે દિલની રોશની સમઝો, ઈલ્મ છે ઝેવર ઈલ્મ છે ઝીનત
જેને નથી કઈ ચોરોં નો ખતરો, ઈલ્મ છે એવી નાયાબ દૌલત
જેટલું તું ચાહે ખર્ચ કરી લે, આમાં આવશે હરગિઝ ન કિલ્લત
ફ્બા મિલે છે ઈલ્મ થી ઊંચા, ઈલ્મથી મિલશે કઈ કઈ નેઅમત
ઈલ્મથી હાસિલ રાહતો તસ્કીં, ઈલ્મથી છે શોહરત અને અઝમત
ઈલ્મનું શહેર તાહા નબી છે, મૌલા અલી છે બાબે મદીના
આલે નબીના ઈલ્મ તું પઢજે, મિલશે તુંને રૂહાની લઝ્ઝત
ઈલ્મના દરિયા તૈયેબ ઝિયા છે, જેમાં છે પિન્હાઁ ઈલ્મના દુર્રત.☆

દેહ તક નામ રહે કામ વો કરના સીખો, તુમકો જીનેકી તમન્ના હૈ તો મરના સીખો,
ચીર ડાલા હૈ મહાડોં કા જિગર દરીયાને, રાહે કુરબાર સે ટલતા કે ગુઝરના સીખો.

મરદો વાસ્તે તે ખૂશ્બુ બહેતર છે જેનો રંગ મખ્ફી હોય અને બૂ ઝાહિર હોય.

લફ્ઝી કશ-મ-કશ



❋ **ઉભી તરકીબ :**

૧) અય ઈન્સાન, તારૂં ખુશ રહેવું ખૂબ ઓછા વક્ત વાસ્તે છે, કેમકે, ખુશી બાદ ફૌરન _____ આવશે. (૨)

૨) ભાઈ! તારી વાત મને _____ ના થઈ, મારા ગલે ના ઉતરી. (૩)

૩) સુકૂન, ઈત્મિનાન. (૩)

૭) અલ્લાહતઆલાએ હક્કને _____ લોગો સાથે રાખો છે. (૨)


❋ **આડી તરકીબ :**

૨) હલકા અમલ કરનાર દુશ્મને દાઅવતે હક્ક _____ થાશે. (૩)

૪) પંજતની મુમેનીન યૌમે કેયામત, કૌસરના _____ માંથી પાની પીશે. (૨)

૫) રસ્તો બતાવનાર શખ્સને _____ નુમા કહેવાય છે. (૨)

૬) કાફિરો હર વક્ત _____ અને ફરેબ કરશે, મગર અલ્લાહ તેઓને તેમના અમલ મુજબ અઝાબ ફટકારશે. (૩)



૦ સહીહ જવાબ આપનાર : - મોહંમદહુસૈન ફીરોઝભાઈ કંજરીવાલા

૦ અલ-હાજ્જ અબ્બાસભાઇ અલીભાઇ દારૂવાલા તરફથી આ કોલમ વાસ્તે હદીયો ઈનાયત કરવામાં આવે છે.

ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-

નોંધ : કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર જુમાદિલ આખર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેને એક યાદગાર તોહફાથી નવાઝવામાં આવશે. ✯

સોચશો, તો કઈ કરશો

આ કોશિશને માતહત હર શુમારામાં ૧૦ અલ્ફાઝ આપવામાં આવેલા છે. આ તમામનો બહેતરીન તરીકાથી અને સાચી સમઝથી ઈસ્તેમાલ કરી તેનો એક નાનો ફકરો (પેરાગ્રાફ) બનાવવાનો છે, જેમાં ત્રણ વાક્યો (જુમ્લાઓ) કરતા વધારે વાક્યો ન હોય. કારેઈન પોતાનું ઈલ્મ અને અક્લની હુશિયારીને મીઝાનમાં મૂકીને હમને ઝાતી તૌર પર, યા પોસ્ટમાં યા **email** પર પોતાનું લખાણ સાફ તૌર પર, નામ, એડ્રેસ અને ફોન નંબર સાથે જુમાદિલ આખરની ૧૦ તારીખ પહેલા મોકલી આપે. જેના જુમ્લા માઅનામાં પુખ્તા અને દિલચસ્પ હશે તેને ઈન્આમથી નવાઝવામાં આવશે અને જુમ્લાઓને આવતા શુમારામાં શાયેઅ કરવામાં આવશે.

૧૦ અલ્ફાઝ :

૧) દઆઈમુલ ઈસ્લામ, ૨) મૌ. ઈમામ મોઈઝ (અ.સ.), ૩) શરીઅતના અરકાન, ૪) કાઝી, ૫) ૨ હિસ્સા, ૬) સૈ. નોઅમાન (ક.રૂ.), ૭) અહલુલ બૈત (અ.સ.) ની ફઝીલતો, ૮) હલાલો હરામ, ૯)તરજુમો, ૧૦) ઈમામી મોહર.

૦ ગયા શુમારાનો ખુલાસો :

૨૦ માં ફાતેમી ઈમામ મૌ. આમિર (અ.સ.) મિસિરમાં દુશ્મનોંના ઝુલ્મથી ૫૨૬ હિ. માં શહીદ થયા. આપના ફરઝંદ ૨૧ માં ઈમામ મૌ. તૈયેબ (અ.સ.) ની વિલાદત ૪૨. આખર ૫૨૪ હિ. માં થઈ અને આપના બાવાજીના હુકમ મુજબ આપના દાઈઓ ઈબ્ને મદયન અને અબૂ અલી આપને લઈને ૫૨૮ હિ. માં સતરમાં ચાલા ગયા. તે બાદ યમનમાં ૫૩૨ હિ. થી સિલસિલએ દોઆતે કિરામ (આ.કુ.) શરૂ થયો.

૦ અલ-હાજ્જ શમસુદ્દીન અમીરૂદ્દીન નડીયાદવાલા તરફથી આ કોલમ વાસ્તે હદીયો ઈનાયત કરવામાં આવે છે. ✯

બૈરો વાસ્તે તે ખૂશ્બૂ બહેતર છે જેનો રં ગ ઝાહિર હોય અને બૂ મખ્ફી હોય.

ખૈરો નિસાઈલ આલમીન
મૌ. માઁ ફાતેમા ઝહરા (અ.સ.) ના ફઝાઈલ

❋ પાનીની બરકત :

અખ્બારના કિતાબોંમાં બયાન છે કે, ઈન્તેકાલે મૌ. ફાતેમા ઝહરા (અ.સ.) બાદ આપના ખાદેમા (લોંડી) ઉમ્મે અયમન પોતાની ઝાત પર સબર ન્હોતા રાખી શક્તા. જે વક્ત ઉમ્મે અયમન માઁ ફાતેમાના ગુરફહ મુબારકહ-રૂમમાં જાતા અને આપની નમાઝ પઢવાની જગાને, આપની જમવા બેસવાની જગાને, આપની આરામ કરવાની જગાને, આપની ચક્કી પીસવાની જગાને ખાલી જોતા તે વક્ત ઉમ્મે અયમન બેસાખ્તા રોઈ દેતા, રંજો અમલમાં આપ ડૂબી જાતા અને આ મિસિલ આપની ગમગીની દિન-બ-દિન ઝિયાદહ થાતી જાતી. તે સબબ આપે ઈરાદો કીધો કે, આપ મક્કાનો સફર ઈખ્તિયાર કરે, મક્કામાં આપ રહે અને બાકીની ઝિંદગી ત્યાં જ ગુઝારે.

આપે જે વક્ત મક્કા જાવાનો સફર કીધો તો આપના સામાનમાં જેટલું પાની હતું તે તમામ ખત્મ થઈ ગયું અને થોડા વક્તમાં તો આપને ખૂબ શિદ્દતથી પ્યાસ લાગી. ચારે તરફ પાનીની તલાશ કીધી મગર કામિયાબી ન મિલી. યહાઁ તક કે, આપની પ્યાસના સબબ આપને હલાક થાવાનો ખૌફ થયો. તે વક્ત આપે બેવે હાથને આસ્માનની તરફ ઉંચા કરીને દોઆ કીધી કે, અય પરવરદિગાર, મેં ફાતેમાની લોંડી છું, ખાદેમા છું. મૌ. ફાતેમા ઝહરાની ફિરાકી-જુદાઈના દર્દો ગમમાં મેં મદીના છોડી દીધું છે. અય મારા રબ, સફરની આ હાલતમાં પાની જેવી તારી નેઅમતથી મેં મહેરૂમ છું અને આ મુસીબતમાં જો હું મારી ઝાતને ખોઉં તો તે ઘણું જ અજબ છે.

આપની દોઆ તમામ ન થઈ કે આસ્માનથી એક પાનીની તશ્ત-વાસણ આપના નઝદીક ઉતરી. આપ તે જોઈને ઘણા ખુશ થયા અને રબ્બુલ આલમીનનો શુક્ર અદા કીધો. તે પછી માઁ ફાતેમા પર આહો બુકા કરીને યાદ કરીને પાની પીધું. રિવાયતમાં છે કે, આ વાકેઆ બાદ મૌ. ફાતેમા ઝહરા (અ.સ.) ના વસીલાની બરકત એવી થઈ કે, તે પાની પીવાના સબબ ઉમ્મે અયમનને સાત સાલ તક કોઈ તરહની ભુખ અને પ્યાસ લાગી ન હતી.

❋ થાલમાં જમનની નેઅમત :

કિતાબોંમાં બયાન છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાનમાં એક સાલ કહેત-દુકાલ પડો અને આ તકલીફના વક્તમાં નબી સાહેબ અને આપના અહલ એક રોઝ ભુખા થયા. તે દિન માઁ ફાતેમાએ બાવાજી સાહેબના ઘર પર બે રોટલી અને ગોશ્તનો એક ટુકડો હદીયો મોકલો. નબી સાહેબ તે હદીયાને લઈને માઁ ફાતેમાના મકાન પર તશરીફ લાવા અને ફરમાવું કે, **અય ફાતેમા! થાલમાં આ હદીયો જે તમે મને મોકલો છે તેના ઉપરથી ચાદરને હટાવી લો.** જે વક્ત ચાદરને હટાવી તો મૌ. ફાતેમા શું જોઈ છે કે, તાઝી ગરમ-ગરમ રોટલી અને ગોશ્તથી થાલ ભરેલું હોય છે. આપ યકીન નથી કરી શક્તા કે, જે તરહનું જમન મેં બાવાજીને મોકલું હતું તેના કરતા પણ તાઝું અને ખૂશ્બુદાર જમન આ થાલમાં કઈ તરહ આવું. આપ પહેલા તો તે થાલમાં મુકેલી ચીઝો અને સીંચેલી નેઅમતોં જોઈને શરમાઈ ગયા કે, શું આ તે જ થાલ છે કે જે મેં બાવાજીની ખિદમતમાં અરઝ કીધું હતું!

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, અય મારા દીકરી, તમેં શરમાવ નહીં, આ તમારૂં જ જમન છે, તમેં જે નિય્યતથી મને આ થાલ મોકલું તેનાથી અલ્લાહતઆલા રાઝી છે અને આ નેઅમતોં સાથે અલ્લાહની ખુશી શામિલ છે. **"હોવા મિન ઈન્દિલ્લાહે યરઝોકો મંય યશાઓ બેગૈરે હિસાબ"**, યાઅની, આ નેઅમતોં અલ્લાહને નઝદીકથી છે અને તે જેને ચાહે તેને બેહિસાબ રિઝક અતા કરે છે. બાવાજી સાહેબના આ કલામથી મૌ. ફાતેમાને તસલ્લી થઈ અને આપે અલ્લાહતઆલાની અતાઓ રહેમની ઝિક્રે ખૈર કીધી. તે બાદ નબી સાહેબે મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) અને આપના અહલુલ બૈતને બોલાવા. આપ **"બિસ્મિલ્લાહ"** પઢીને જમા અને તે થાલ પર બધા જ હાઝેરીન પેટ ભરીને જમા. જે વક્ત નબી સાહેબ સાથે અહલુલ બૈત જમનથી ફારિગ થયા તો થાલમાં એ જ મુજબનું જમન બાકી હતું કે, જે મૌ. ફાતેમાએ બાવાજી સાહેબ વાસ્તે તૈયાર

(બકીયાહ પેજ નં. ૫ પર)

દીનમાં નમાઝનો મકામ એવો છે કે જેમ જિસ્મમાં સરનો મકામ છે.

(પેજ નં. ૪ નું બાકી)

કીધું હતું. સઘલા પુકારી ઉઠા કે, **વાહ રે શાને ફાતેમા!** આપની બરકતથી જો જમન બાકી રહેતું હોય તો આપની મહબ્બતોં મવદ્દતથી મુમિનની હસ્તી કેમ બાકી ન રહે! તે બાદ મૌ. ફાતેમાએ પડોશીઓને તલબ કીધા, તમામને ઈકરામ સાથે જમાડા અને તે બાદ પણ જે બાકી રહ્યું તે મુસલમાનોંમાં હદીયાના તૌર પર તકસીમ કરી દીધું.

❋ **જન્નતી લિબાસ :**

અખ્બારમાં બયાન છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના બૈતે શરફ ને નઝદીક ચંદ યહૂદીઓ રહેતા હતા. તેમાંથી કોઈ એકને ત્યાં શાદીનો મૌકો આવો. તે ઘરમાં જે બૈરો હતા તે ઝબાનના મીઠા મગર દિલના કડવા હતા. નબી સાહેબ અને અહલે ઈસ્લામ વાસ્તે અદાવત રાખતા હતા. જે કઈ મૌકો હાથ લાગે એની દુશ્મની ઝરૂર નિકાલતા હતા. તે બૈરોએ બદગુમાની કીધી કે, મારા ત્યાં આ શાદીના મૌકા પર પડોશમાં રહેતા રસૂલેખુદાના દીકરી જે ફાતેમા છે તેને તલબ કરીએ કે જે ફાતેમા ઘણા ગરીબ છે અને મારા ઘર પર મોટા મોટા દૌલતમંદ બૈરોમાં તે હલકા કપડા પહેરીને આવશે અને તે વક્ત મેં મૌકો જોઈને તેની ખૂબ મસ્ખરી કરીશ. તે પોતાની હાલત પર શરમાશે અને તેની અને તેના બાવાજીની સરે આમ ફઝીહત થાશે.

આ બદખ્યાલ તેના મરદને કહ્યો અને તે યહૂદી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને નઝદીક ઈઝન લઈને આવો અને અરઝ કીધી કે, અય મોહંમદ! તમેં મારા પડોશી છો અને તમારી નસીહત મુજબ પડોશીનો તો મોટો હક્ક છે. તે હક્કથી મેં તમને સવાલ કરૂં છું કે, મારી દીકરીની શાદીમાં **તમેં તમારી દીકરી ફાતેમાને મોકલો** જેથી હમને ખુશી હાસિલ થાય અને મારા ઘરની ઈઝઝત બલંદ થાય. નબી સાહેબે ફરમાવું કે, અય યહૂદી ! મારા ફાતેમા તો હવે મારા વલી અલી બિન અબી તાલિબ (અ.સ.) ના બૈરો છે. એની મરઝી અને રઝા બગૈર મારાથી ફાતેમા બાબત કેમ ઈકરાર થાય. યહૂદીએ કહ્યું કે, આપ મારા તરફથી સિફારિશ કરીએ અને અલીને તે વાસ્તે મનાવીએ. તે બાદ નબી સાહેબે અલીયુલ મુરતઝાની જે વક્ત રઝામંદી તલબ કીધી તો અમીરૂલ મુમેનીને ફરમાવું કે, **યા રસૂલલ્લાહ! આપ માલિકો મુખ્તાર છો અને આપનો હુકમ તે ખુદાનો હુકમ છે.** મગર યહૂદીઓને ત્યાં શાદીની રૂસૂમાતમાં તમામ બૈરાઓ તરહ-તરહના કીમતી કપડા અને ગહેના પહેરીને જમા થાશે, હું જાણું છું કે ફાતેમાના પાસે ન તો એ તરહના ઝરીંન કપડા છે, ન કે કોઈ ગહેનું છે.

નબી સાહેબ ખૂબ ફિકરમાં પડી ગયા અને ફાતેમાની મુશ્કિલકુશાઈ વાસ્તે અલ્લાહની બારગાહમાં દોઆ કરવા લાગા. તે લમહામાં જિબ્રઈલ અમીન પોતાના પરોં પર ગહેના-કપડાથી સજાવેલી એક થાલી લઈને નબી સાહેબ પર નાઝિલ થયા. કહ્યું કે, આ તમામ હદીયા ફાતેમા વાસ્તે છે અને ખુદા એમ ઈરાદો રાખે છે કે, ફાતેમા આ લિબાસ અને જવાહેરાતથી મુઝય્યન થઈને અહલે યહૂદને દરમિયાન જાય. ઈરશાદે ખુદાવંદી મુજબ મૌ. ફાતેમા જન્તી ગહેના અને કપડા પહેરીને દુખ્તરે યહૂદીની શાદીમાં ગયા. તે યહૂદી બૈરો ફાતેમાના ઈન્તેઝારમાં જ હતા કે, શું જોઈ છે કે તેનું પુરૂં ઘર નૂરથી ભરાઈ ગયું છે. હર જગા મહેકી ઉઠી છે. તમામ બૈરો ખામોશ થઈ ગયા છે. મૌ. ફાતેમા તેના ઘરમાં પધારી રહ્યા છે, જન્નતી જવાહેરાત માંથી નૂરની બારિશ થઈ રહી છે અને અલગ-અલગ રંગોનો નઝારો થઈ રહ્યો છે. તે બૈરો મૌ. ફાતેમા (અ.સ.) નો આ દિલકશ મંઝર જોઈને લાકલામ થઈ ગઈ, તેના હોંશ ઉડી ગયા અને તમામ બૈરોને ઉઠાડીને આપના ઈસ્તિકબાલ વાસ્તે તૈયાર થઈ ગઈ, આપના વાસ્તે ઊંચી મસ્નદ બીછાવી અને તમામને કીધું કે, **આ ફાતેમાની તાઅઝીમ કરો અને સજદો બજા લાવો કે તે બૈરો નથી મગર નૂરે ખુદા છે.** બૈરાઓએ આપના કદમની ઝમીનને બોસો દીધો અને આપની ઈઝઝતો અઝમત એ મુજબ તેઓના દિલમાં ઉતરી કે, અલ્લાહતઆલાએ દીને ઈસ્લામ વાસ્તે ઈન્કેલાબ પૈદા કીધો અને તેઓ મૌ. ફાતેમા (અ.સ.) ના હાથ પર ઈસ્લામથી મુશર્રફ થયા.

❋ **સબરો શુકથી ભરેલું મૌ. ફાતેમાનું ઘર :**

અખ્બારના કિતાબોંમાં બયાન છે કે, મૌ. ફાતેમા ઝહરા (અ.સ.) ની અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) સાથે અકદખ્વાની-શાદી થઈ તે બાદ ઘરના અંદરનું બિલ-જુમ્લા તમામ કામકાજ મૌ. ફાતેમા કરતા હતા અને ઘરના બાહરનું તલબે રિઝકે હલાલ વાસ્તે જે કઈ રોઝાના કામકાજ હોય તે મૌ. અલી સંભાલતા હતા. મૌલા અલીએ એક દિન મૌ. ફાતેમાને પૂછું કે,

(બકીયાહ પેજ નં. ૬ પર)

માટીમાં બચ્ચું રમશે તો એની તબીઅત અને મિઝાજ ઉમદા થાશે.

(પેજ નં. ૫ નું બાકી)

ઘરમાં કઈ જમન હાઝિર છે? અરઝ કીધી કે, અય મારા માલિક, આપના હક્કના કસમ! તીન અય્યામ થયા, ઘરમાં કોઈ ચીઝ હાઝિર નથી. હાઁ, ફક્ત આપના જેટલું હતું જે મેં આપને તૈયાર કરીને જમાડતી હતી. આપ મૌલાએ ફરમાવું કે, અય ફાતેમા! ઘરમાં આ તરહની હાલત છે તો તમેં મને ખબર કેમ ન કીધી. અરઝ કીધી કે, અય મારા માથાના તાજ! મને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ હુકમ કીધો છે કે, **"મારા કાકાજીના દીકરા તમારા શૌહર અલીને કોઈ તરહની તકલીફ ન આપજો.** ખુદાનું રિઝક જે કઈ એ ઘરમાં લાવે તો એની ખુશી મુજબ એના પાસે રહેવા દેજો. તમેં તેની માંગની ન કરજો અને જે હાલતમાં એ તમને રાખે તમેં ખુશ રહેજો. તમેં મારા અલીના ઘરની ઈઝઝત છો, તમેં હર હાલ પર સબર કરા કરજો. એની ખુશીમાં તમારી ખુશી છે અને એની ખુશી સાથે મારી અને ખુદાની ખુશી વાબિસ્તા છે. ઝિયાદહ હોય કે થોડું હોય તેના ઉપર ખુદાનો હમ્દો શુક્ર કરજો." અય મારા સરતાજ હવે આપ મને બતાવો કે, આપના વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો આ હુકમ હોય તો આપની આ ખાદેમાથી આપની શાનમાં કેમ ગુસ્તાખી થાય.

ઉપર ઝિક્ર થયેલા બેનમૂન વાકેઆત મૌ. ફાતેમા ઝહરા (અ.સ.) ની પાકીઝા શખ્સીયતની નૂરાની તસ્વીરને કારેઈનના નઝરો ખયાલમાં પૈશ કરે છે. આપ સૈયેદહની હયાતે તૈયેબહના હર લમ્હા હમ મુમેનીન વાસ્તે પંદો સબકથી ભરેલા છે. આપની ખાદેમા ઉમ્મે અયમનની પાની વાસ્તે મુશ્કિલકુશાઈ હોય યા આપના બદૌલત જમનમાં બરકત હોય યા આપની ખિદમતમાં જન્નતી લિબાસ હોય યા અલી સાહેબે ઝુલફિકારના ઘરને સબર અને શુકથી સીંચવાનું હોય, આપની ઝિંદગીને લગતી હર ચીઝ મુમેનીનની દીની અને દુનિયાવી કામિયાબી વાસ્તે કાફી છે. હમેં આપની દાઅવતે શરીફહના ફરઝંદો છીએ, આપ જ હમેં રાહે નજાત તરફ લઈ જાનાર છો અને આપના દાઈ સૈયેદના સાહબ (ત.ઉ.શ.) હમને આપની દાઅવતની ખિદમત કરવા વાસ્તે નસીહત કરતા રહે છે, તો અય પરવારદિગારે આલમ! તું હમને તૌફીક અતા કર કે, હમેં તારા દાઈના ફરમાન પર ચાલીને મૌ. ફાતેમા (અ.સ.) નો હક્કે મવદ્દત અદા કરી શકીએ. આમીન. યા ખૈરા નિસાઈલ આલમીન. ✯

દીન અને સાયન્સ – કિસ્ત-૧

એકવીસમી સદીના આગાઝમાં **Information Technology-IT** ના ઝબરદસ્ત ફેલાવાથી હર તબકાના લોગો મુતઅસ્સિર થયા છે. **Upper Class** અને **Middle Class** કોઈના કોઈ તરીકાથી **IT** સાથે જોડાયેલું છે. બલ્કે, હવે તો **Lower Class** ને પણ **IT** નું ભૂત સવાર થયું છે.

એક ફકીરે જોયું કે, આ **"dot.com"** નો ઝમાનો છે, કેમ ન અપના પેશામાં પણ એનો ફાયદો ઉઠાવીએ. તો તે ફકીરે એક બોર્ડ લીધું અને તેના પર મોટા અક્ષરથી લખાણ કીધું કે, **"begging.com"**, પછી પઢેલા-ભણેલા લોગોના ઈલાકામાં બોર્ડ લઈને ભીખ માંગવા બેસી ગયો તો સાંજ સુધી એ અમીર બની ગયો!!!

Information Technology થી લોગો એટલા જાણકાર થઈ ગયા છે કે એની સાબિતી વાસ્તે ફિલહાલ **Mumbai** માં એક શખ્સ એક અનોખો તજરૂબો કરી રહ્યો છે. આ શખ્સ છેલ્લા આઠ મહીનાથી પોતાના ઘરમાં એકલો રહી રહ્યો છે. એના સાથે ફક્ત એક **Laptop** અને **Smart-phone** છે. આ શખ્સ ઘરમાં બેસા-બેસા એની રોઝ-મર્રાની ખાવા-પીવાની ઝરૂરતો **Internet** થી પૂરી કરે છે. યાઅની, જમનનો **Order** આપે છે તો **Internet** થી, કપડા ધોવાનું કહે છે તો **Internet** થી, લોગો સાથે વાતચીત કરે છે તો **Internet** થી, મુખ્તસરમાં આ શખ્સ આમ કરીને દુનિયાના લોગોને એમ બતાવવા ચાહે છે કે, **Computer** અને **Internet** નો ઝમાનો આવી ચુકો છે. તમારા પાસે આ બે ચીઝ હોય તો તમેં ઘર બેસા જે ચાહો તે કામોં કરી શકો છો. આ શખ્સે પોતાનું નામ બદલીને ઈન્ટરનેટના ઘેલપનમાં **"dot.com guy"** રાખી લીધું છે.

આજના વક્તમાં લોગોનો આ હાલ છે કે, **dot.com** અને **Computer** ના નશામાં, એવા તો મસ્ત થઈ ગયા છે કે, એના જેવા બીજા ઝિંદા અને બોલતા ઈન્સાનને મોહબ્બત કરવા કરતા એક બેજાન અને મુર્દા ચીઝને ઝિયાદહ ચાહે છે. **Family members** ના સાથે વક્ત ગુઝારવા કરતા **Computer** અને **Mobile screen** પર એની આંખોને ચિપકાવીને કીમતી વક્તનું

(બકીયાહ પેજ નં. ૧૬ પર)

ખાકે શિફા જેમાં હુસૈની બરકાત છે તેના સિવાય બીજી ખાક ઝબાન પર લેવી હરામ છે.

Shining Star



Brother **Hasnain Sho'ebali Murmurwala** did Civil Engineering and now working with L&T - Vadodara Facility. He was awarded as 'ICON Award' for Sulphur Storage Building which is world's one of the biggest structure, made for storage of 1.65 Lac MTon capacaity. This is one of world's biggest storage structure which was designed with special techniques used first time at L&T.

His message: "Civil Engineering" is the original engineering field, In which we use our analytical abilities and knowledge of the physical world to design and figure out how to build things. We face the challenge of designing structures that resist extreme wind, earthquakes, blast, temperature and others...! Today this field has evolved with demanding times of Building Innovations and I therefore appeal to my community's Engineer brothers to explore new things for getting the best of their career.



Sister **Maimanah Nuruddinbhai Jariwala** was awarded Certificate of Merit along with Gold Medal in Ahmedabad for standing 1st among the students of all over Gujarat in Master of Business Administration in International Business Examination held in Aug 2013 by Gujarat Technological University

તિજારત

Learn & Earn
Tally
Authorised Training Center & Sales Partner
MS Office
Internet
Tally ERP 9
DTP
Live Web Designing + Hosting
PGDCA Certificate Course (I Year)
C,C++
School Syllabus,
Spoken English
GOVT. CERTIFICATION
LOKHANDWALA'S COMPUTER EDUCATION
Gendigate Main Rd., Vadodara, Ph.: 2410862
(M) 98980 86320

Mohsin S. Surti
M.: 9825552151
Ph.: 0265-2521569

M.M. GLASS

All Kind of Glass Merchants
Specialist in :
Alluminum Doors-Windows
Partition Works.

G-1, Shalimar Flats, Nr. Telephone Exchange, Water Tank, Ajwa Road, Vadodara.

And the partisans of Ali (a.s.) are victorious.

તિજારત

સોફીયા જે. વ્હોરા
સોફીઝ ફેશન
ડીઝાઇનર સલવાર કમીઝ, સાડી, રીદા, ડ્રેસ મટીરીયલ્સ અને શાદીની જોડીઓ બનાવનાર
સરનામું : લાઈફ લાઈન ક્લીનીક, ૨૭૦ - રામપાર્ક, આશીયાના એપાર્ટમેન્ટ પાછળ, આજવા રોડ, વડોદરા-૧૯.
સંપર્ક કરો : ૯૯૯૮૪૧૩૫૫૬
(સોમવાર થી શુક્રવાર ફક્ત એપોઇન્ટમેન્ટ દ્વારા)

.....Changing "DESI TREAT" with a New Name.....
Cafe Royal
House Of Quality Food
MUGHLAI * CHINESE * PUNJABI FOOD
Tandoori Roti is our Speciality
GF-6, Sai Vihar Apartment, Opp. Emperor Complex, Fatehgunj Main Road, Vadodara - 02.
Kasim / Mazhar / Jabirbhai - +91-9016801117

અમરીન કલેક્શન
રીદા, ફેન્સી ડ્રેસ મટીરીયલ, ટી-શર્ટ, ઇજાર, વગેરે મળશે.
દુકાન નં.૮, તાજ કોમ્પ્લેક્ષ, આજવા રોડ, વડોદરા-૧૯.
મોબાઇલ નં : ૯૭૨૫૯૫૦૦૮૬

મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) માટીના સાહેબ છે જેમાંથી ઈન્સાનની પૈદાઈશ થયેલી છે.

દરસે લેસાને દાઅવત

خدا تعالٰی یه جه صاف عقل تمنے اٰپي چھے ته نا سي تمیں ویچار کرسو انے دُنیا نے ته نگاه سي جوسو تو معلوم تھاسے که جه دُنیا تمنے نظر سي دیکھائي چھے ته اٰ نتھي، پن ته تو ایمان بغیر نا اندھارا سي، محبّة بغیر ني عداوة سي، فائدة بغیر نا نقصان سي انے طاعت بغیر ني معصیّة سي بھرپور چھے۔ اٰ گھر ته چھے جه ما هر قدم پر گناه چھے پن خدا ني حکمة جو که ته ما پن اونچا درجة ني پیدائش چھے جه نے انسان کھے چھے۔ انسان نو ایک بھاگ کھلّو ظاهر چھے انے بیجو بھاگ اندر باطن چھے، ظاهر ته انساني جسم چھے انے باطن ته انساني جان چھے۔

انسان نا جان ما گبھراهٹ، جوٹھ، غُصّة، کینه، غم، مُحتاجگي، حسد، کِبر، خوف، خرابي ني چاهت، نیکي سي انگمُو، جِهالت، کفر، نافرماني، ظُلم، ضدّي پنو، هوس، حرام نے کھاوانو شوق، ناچ-گان، ریس، بیماري جیوي چیزو بھریلي چھے۔ انسان نو جسم بھلے باهر سي طاقت والو لاگتو هوئي پن اندر سي بےحد کمزور چھے ته ما سگلا کرتا ودھارے اندھارو چھے، سگلا کرتا ودھارے گندھاتو چھے انے جو ته بیمار تھائي تو اٰفت نو گھر چھے۔ اهوو کھوکھلو چھے که تمیں جوو چھو که ته نا واسطے دُنیا نا لوگو سوں سوں چیزو جمع کرے چھے۔ اهنا واسطے لڑائي کرے چھے که جه نو کوئي آدمار نتھي انے ته کوئي پن چیز تھي بچي سکتو نتھي۔

اٰ جسم گرمي سي پگلي جائي چھے، ٹھنڈک سي ٹھیجي جائي چھے، گرم هوا-لو سي سکائي جائي چھے، پاني ما ڈوبي جائي چھے، زهر سي ته نو رنگ اُڑي جائي چھے، سانپ-بِچّھو ته نے ڈسے چھے، وحشي جانورو ته نے پھاڑي کھائي چھے، لوها سي ته کپائي چھے، لاکڑا سي ته بھانگے جائي چھے، جادو سي ته نا حالات پھري جائي چھے، طرح طرح نا مرض ته نے درد ما جکڑي لے چھے، موسم ساتھے طبیعت ما پھیر پھار اٰوے چھے، ته ني حالت مر نوا دن الگ-الگ هوئي چھے۔ تو اے انسان، تھارا جسم نے اٰ اٰفتو سي بچاووا واسطے تو تھارا جان نے قابو ما کر انے عقل سي بیوے ني تربیّت کر۔

ખુદાતઆલાએ જે સાફ અકલ તમને આપી છે તેનાથી તમેં વિચાર કરશો અને દુનિયાને તે નિગાહથી જોશો તો માઅલૂમ થાશે કે, જે દુનિયા તમને નઝરથી દેખાય છે તે એમ નથી પણ તે તો ઈમાન બગૈરના અંધારાથી, મહબ્બત બગૈરની અદાવતથી, ફાયદા બગૈરના નુકસાનથી અને તાઅત બગૈરની માઅસીયતથી ભરપૂર છે. આ ઘર તે છે જેમાં હર કદમ પર ગુનાહ થાય છે. પણ ખુદાની હિકમત જોવ કે તેમાં પણ ઊંચા દરજાની પૈદાઈશ છે જેને ઈન્સાન કહે છે. ઈન્સાનનો એક ભાગ ખુલ્લો ઝાહિર છે અને બીજો ભાગ અંદર બાતિન છે. ઝાહિર તે ઈન્સાની જિસ્મ છે અને બાતિન તે ઈન્સાની જાન છે.

ઈન્સાનના જાનમાં ઘબરાટ, જૂઠ, ગુસ્સો, કીનો, ગમ, મોહતાજગી, હસદ, કિબર, ખૌફ, ખરાબીની ચાહત,

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

દૌલત તરફ ઝોકો શૌક ગમ અને બેકરારી વધારે છે.

ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૧૧

સદકાની જલાલત

ખુદાતઆલાએ મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ને વહ્યના ઝરીએ હુકમ કીધો કે, ફલાઁ બિન ફલાઁ શખ્સને કત્લ કરી દો. ફરમાને ખુદાવંદી મુજબ આપ દિન-રાત તે શખ્સને કત્લ કરવા વાસ્તે ફિરતા રહ્યા. તેને મિલનારા જેટલા લોગો આપને નઝદીક આવતા તો આપ તેને કત્લ કરવાની વાત કહેતા અને આગાહ કરતા કે, અન-કરીબ હવે તેની ઝિંદગી ખત્મ થઈ જાશે. જે વક્ત તે ગુનાહગાર શખ્સને આ વાતની ખબર પડી કે, મૂસા નબી તેને કત્લ કરવા તલાશ કરી રહ્યા છે, તો ચંદ અય્યામ તક તેને ઘરથી બાહર નિકલવાનું બંધ કરી દીધું.

તે બાદ તેના દિલમાં વાત પૈદા થઈ કે, લાવ! કઈ ખૈર કરી લઉં. શાયદ કે, ખુદા મારા ગુનાહને મુઆફ કરી દે! આ ખયાલ કરીને તેને રોઝ એક રોટલી સદકો કરવાનું શુરૂ કીધું. ખુદાતઆલાની બારગાહમાં તેનો સદકો કુબૂલ થયો અને તેના સવાબમાં એમ બનું કે, તે બિલા-ખૌફ સરે આમ બાઝાર અને સડક પર ફિરતો, પોતાનું કામકાજ કરતો પણ મૂસા નબીને તે નઝર જ ન આવતો. યહાઁ તક કે, તે મૂસા નબીને ખૂબ નઝદીકથી ગુઝરતો પણ આપ ન તો તેને જોઈ શક્તા હતા ન પકડી શક્તા હતા. જે વક્ત આપ તેના રિશ્તેદારોને પૂછતા તો કહેવામાં આવતું કે, **" ચા નબીયલ્લાહ! હમણા તો આપના સામેથી તે શખ્સ ગયો! "**

ખૈર! આ જ હાલતમાં ૨૪ સાલ ગુઝરી ગયા, મગર તે શખ્સ મૂસા નબીને હાથ ન લાગો, ફક્ત સદકાના સવાબના સબબ. એક રોઝ તે શખ્સને કોઈ કામમાં શિતાબી થઈ અને તેની ફિકરમાં સદકો કરવાનું ભુલી ગયો. ઈત્તેફાક એવો થયો કે, તે જ વક્ત મૂસા નબીનો તેના ઘરને નઝદીકથી ગુઝર થયો. સદકો ન આપવાથી તે દિન તે મૂસા નબીને નઝર આવી ગયો અને આપ તેના પાછલ દોડા, તેને ગરદનથી પકડો અને કત્લ કરી નાંખો.

આપે ખુદાતઆલાની હઝરતમાં સવાલ કીધો કે, અય મારા રબ! મેં કોઈ વક્ત તે ગુનાહગારને પકડવામાં સુસ્તી નથી કીધી, પણ તારા હુકમને બજા લાવવા પર મેં હર તરહ કોશિશ કરતો રહ્યો. તું જાણે છે કે, મેં રોઝ તેને તલાશ કરતો હતો પણ આજે એવું કંઈ થયું કે, તે મને નઝર આવી ગયો અને મેં તેનું કામ તમામ કરી દીધું! ખુદાતઆલા તરફથી જવાબ આવો કે, અય મૂસા! તે શખ્સ રોઝ એક રોટલી સદકો કરતો હતો અને તે અમલ તેને આપની નઝરથી છુપાવી દેતો હતો. આજે જલ્દબાઝીમાં તે સદકો કરવાનું ભુલી ગયો તો મેં આપની નઝર સામે તેને ઝાહિર કરી દીધો. પછી આપે આપની ફરઝ અદા કીધી અને તેને કત્લ કરી દીધો. મૂસા નબીએ અરઝ કીધી કે, અય રબ! શું સદકો તારી કઝા-મૌતને પણ રોકી દે છે? ખુદાતઆલાએ ફરમાવું કે, હાઁ! અય મૂસા, **સદકામાં એવી તાકત છે કે તે મૌતને ટાલી દે છે.**

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "ઈન્નલ્લાહા લયદરઓ બિસ્સદકતે સબઈના મર્રતન મીતતન મિનસ્સૂઅ", યાઅની, બેશક! અલ્લાહતઆલા સદકાની બદૌલત **સિત્તેર વક્ત બુરી મૌતથી મહેફૂઝ રાખશે.** સદકો કરનાર પર લાઝિમ છે કે ,તે અલ્લાહ અને અલ્લાહના રસૂલ પર ઈમાન રાખીને જમના હાથથી **બિસ્મિલ્લાહ** બોલીને સાઈલને સદકો આપે. તમામ ફરીઝતો તેએ અદા કીધી હોય તો જ તેને સદકાનો સવાબ હાસિલ થાશે. સદકો આપે તો સાઈલને તેના હક્કમાં દોઆ કરવાનું કહે, જેનાથી તેની નાની ખતાઓ મુઆફ થઈ જાય. ☆

(પેજ નં. ૧૫ નું બાકી)

આમ, જહાનના લોગોને બલંદ અખ્લાકની તાઅલીમ આપવામાં કુરઆને કરીમ અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શરીઅત આઅલા અને મુમ્તાઝ મકામ રાખે છે, જેની હમસરીની મિસાલ સાબિક શરીઅતોમાં મિલતી નથી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, "મેં તમારા દરમિયાન બે નફીસ ચીઝ મુકી જાઉં છું. **એક અલ્લાહના કિતાબ અને બીજી મારી ઈતરત, મારી આલ.** તે બેવે મને કેયામતમાં સાથે આવીને મિલશે. તમેં જો એને વિલગી રહેશો તો કોઈ દિન ગુમ્રાહ નહીં થાવ. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) શમ્સુર રિસાલત છે, રિસાલતના એક ચમકતા સૂરજ છે. ☆

ઈલ્ઝામ લગાવવાની આદત ઈન્સાનના વિચારોંને બદસૂરત બનાવી દે છે.

(પેજ નં. ૮ નું બાકી)

નેકીથી અણગમો, જેહાલત, કુફ્ર, નાફરમાની, ઝુલ્મ, ઝિદીપણું, હવસ, હરામને ખાવાનો શૌક, નાચગાન, રીસ, બીમારી જેવી ચીઝો ભરેલી છે. ઈન્સાનનું જિસ્મ ભલે બાહરથી તાકતવાલું લાગતું હોય પણ અંદરથી બેહદ કમ્ઝોર છે. તેમાં સઘલા કરતાં વધારે અંધારૂં છે, તે સઘલા કરતાં વધારે ગંધાતું છે અને જો બીમાર થાય તો તે આફતનું ઘર છે. એવું ખોખલું છે કે, તમેં જોવ છો કે તેના વાસ્તે દુનિયાના લોગો શું શું ચીઝો જમા કરે છે. તેના વાસ્તે લડાઈ કરે છે કે જેનો કોઈ આધાર નથી અને તે કોઈ જ ચીઝથી બચી શકતું નથી.

આ જિસ્મ ગરમીથી પીગલી જાય છે, ઠંડકથી થીજી જાય છે, ગરમ હવા-લૂથી શેકાઈ જાય છે, પાનીમાં ડૂબી જાય છે, ઝહેરથી તેનો રંગ ઉડી જાય છે, સાંપ-વીંછું તેને ડસે છે, વહેશી જાનવરોં તેને ફાડી ખાય છે, લોહાથી તે કપાય જાય છે, લાકડાથી તે ભાંગી જાય છે, જાદુથી તેના હાલાત ફિરી જાય છે, તરહ-તરહના મરઝ તેને દર્દમાં જકડી લે છે, મૌસમ સાથે તબીઅતમાં ફેરફાર આવે છે, તેની હાલત હર નવા દિન કંઈક અલગ જ હોય છે. તો અય ઈન્સાન, તારા જિસ્મને આ આફતોથી બચાવવા વાસ્તે તું તારા જાનને કાબૂમાં કર અને અકલથી બેવેની તરબીયત કર.

મુશ્કિલ અલ્ફાઝ :

અક્લ - દિમાગ, સમઝ
કિબર - તકબ્બુરી
નિગાહ - નઝર, જોવું
હસદ - ખાર, અદેખાઈ
તાઅત - ફરમાનને ઉચકવું, તાબેઅ થાવું
કુફ્ર - ઈન્કાર
માઅસીયત - નાફરમાની, રૂગરદાની
ઝુલ્મ - નાઈન્સાફી
હિકમત - ગહેરો મક્સદ
હવસ - ગૈરજાઈઝ ખ્વાહેશાત
કીનો - દુશ્મની
જેહાલત - લાઈલ્મી
તરબીયત - ઘડવું, પાલવું, ઉછેરવું ✯

(પેજ નં. ૧૬ નું બાકી)

આપ ખિન્તે મુસ્તફા હે ઝૌજએ મુશ્કિલકુશા,
જલ્દ લો અપને મોહિબ્બોં કી ખબર યા ફાતેમા.

આપને ઉમ્મત કી ખાતિર કિતને નઝરાને દીયે,
મુજતબા કા દિલ દીયા અબ્બાસ કે શાને દીયે,
સર દીયા શબ્બીર કા ઝયનબ કે દુર-દાને દીયે,
ઔર બહત્તર ખૂન કે લબરેઝ પૈમાને દીયે,

આપ ખિન્તે મુસ્તફા હે ઝૌજએ મુશ્કિલકુશા,
જલ્દ લો અપને મોહિબ્બોં કી ખબર યા ફાતેમા.

ઔરતોં કો બખ્શા શૌહર કી ઈતાઅત કા સબક,
ઔર માઓં કો દીયા બચ્ચોં કી ખિદમત કા સબક,
ચક્કીયાં પીસી દીયા હમકો રિયાઝત કા સબક,
આપકી તસબીહ સે પાયા ઈબાદત કા સબક,

આપ ખિન્તે મુસ્તફા હે ઝૌજએ મુશ્કિલકુશા,
જલ્દ લો અપને મોહિબ્બોં કી ખબર યા ફાતેમા.

દર્દો ગમ સે હે ભરી ખૈરુન્નિસા કી ઝિંદગી,
બેકસી પર ખુદ તુમ્હારે રો રહી હે બેકસી,
પીઠ પર દિર્રે ભી ખાયે બદ-દોઆ લેકિન ન દી,
આપ કે બાઈસ નબી કે દીન કી ઈઝ્ઝત રહી,

આપ ખિન્તે મુસ્તફા હે ઝૌજએ મુશ્કિલકુશા,
જલ્દ લો અપને મોહિબ્બોં કી ખબર યા ફાતેમા.

બીબીયોં કી તુમ મદદ અઝ ગૈબ કર દો ફાતેમા,
તાલિબે ઔલાદ કે ઘર કો ભી ભર દો ફાતેમા,
મુફ્લિસી સે તંગ હે જો ઉન્કો ઝર દો ફાતેમા,
અપને શીઓં કો ફતેહ દો ઔર ઝફર દો ફાતેમા,

આપ ખિન્તે મુસ્તફા હે ઝૌજએ મુશ્કિલકુશા,
જલ્દ લો અપને મોહિબ્બોં કી ખબર યા ફાતેમા. ✯

મુઆફી

ખત્મુલ મુરસલીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, મારી ઉમ્મત માંથી ખુશકિસ્મત ચાર શખ્સો એવા છે કે, જેના અમલે સાલેહના સબબ ખુદાતઆલા એના પાછલા તમામ સગીરા ગુનાહોંને મુઆફ કરી દે છે. આમાંથી બે અમલ ઈન્સાનના ઈન્સાનને દરમિયાન છે અને બીજા બે અમલ ઈન્સાનના ખુદા વાસ્તે છે. જે વક્ત ઈન્સાન પોતાની ઈન્સાનીયત બતાવે છે અને ફરઝને અદા કરે છે, તો ખુદા એની નાની-નાની ભુલોંને જોતો નથી પણ તે અમલે સાલેહના સબબ ખુદા એની ભુલોં પર પડદો પાડી મુઆફ કરી દે છે.

૧) જે કોઈ બીમાર શખ્સની મિઝાજપુરસી કરે.
૨) જે પોતાના ભાઈઓને ખુશી-ગમીના જમનમાં યાદ કરે.
૩) જે જુમ્આની નમાઝ પઢવાનો પાબંદ હોય.
૪) જેના પાસે દૌલત હોય અને હજ્જ પઢવાનો ઈરાદો કરે. ✯

દીનદાર શખ્સનો ઐબ એ છે કે તે કરઝદાર હોય.

નાનું પરિંદું મોટી વાત - હમેશા પડે લાલચમાં કમઝાત
એક દિલચસ્પ હિકાયત

આગલા ઝમાનમાં એક મરદ બાગબાન હતો. તે ખૂબ મહેનતકશ હતો અને તેના બાગને હમેશા હરેલો ભરેલો રોનકદાર ખૂબસૂરત રાખતો. હરરોઝ તે બાગમાં આવીને પોતાની ફનકારીનો ઈઝહાર કરતો, બાગને સઁવારતો અને લોગો તેની આ મહેનત વાસ્તે તાઅરીફ પણ કરતા. એક દિન એવું બનું કે, એક નાની ચકલી બાગમાં દાખિલ થઈ અને તેની શરારત અને ફસાદ એ મુજબ થયો કે બાગના બેશુમાર ફલ-ફૂલ જોઈને પૂરૂં બાગ માથે ચઢાવી લીધું. બાગની ઝીનતને તહેસ-નહેસ કરી નાંખી અને જેટલી મહેનતથી બાગબાને બાગને સજાવેલું હતું તેના પર નાનકડી ચકલીના તૂફાનથી પાની ફિરી વલું. બાગબાને જે વક્ત તેના બાગની ખસ્તા-ખરાબી જોઈ તો પોતાની કિસ્મત પર રોવા લાગો. બાગ, રોઝ ચકલીના નવા-નવા તૂફાનનો સામનો કરતું અને આ જોઈને બાગબાનના દિલમાં રંજો અલમ વધતો જાતો. ચંદ અય્યામ તક આમ જ ચાલું અને જેમ જેમ વક્ત ગુઝરતો ચકલીનું તૂફાન વધતું જાતું.

એક દિન બાગબાને સોચું કે, હવે વક્ત આવી ગયો છે કે હું મારા બાગને બિગાડનારને રંગે હાથે પકડું અને મારા બાગને બરબાદીથી બચાવું. વહેલી ફજેરે તે એક બારીક જાલ લઈને પોતાના બાગમાં આવો અને છુપી રીતે જાલને બિછાવી દીધી. થોડો જ વક્ત ગુઝરો હશે કે, તે તૂફાની ચકલી બાગમાં આવી અને રોઝની તેની આદત મુજબ બાગમાં તૂફાન મચાવવા લાગી. બાગબાન આ તમામ બરબાદી પોતાની નઝરે જોઈ રહ્યો હતો કે ચકલીના પગ જાલમાં ફસાઈ ગયા. ચકલી સમઝી ગઈ કે, **હવે તેને કોઈ બચાવનાર નથી અને બાગબાન તેને ખત્મ કરી દેશે.** લેહાઝા, તેને વિચારૂં કે જાનને બચાવવા વાસ્તે કોઈ હીલો કરવો પડશે.

બાગબાનના દિલો દિમાગ પર ગુસ્સા અને બદલાનો બુખાર ચઢેલો હતો. તેને જાલ લીધી અને નાઝુક ચકલીને પોતાના મઝબૂત હાથમાં જકડી લીધી, જેમકે કેદખાનામાં હિરાસતમાં કોઈ મુજરિમ જકડાઈ છે. બાગબાનના બીજા હાથમાં છુરી હતી અને તે અન-કરીબ ચકલીને બેરહેમીથી ઝબેહ કરવા તૈયારી કરતો હતો કે, ચકલી આજિઝી સાથે પુકારી ઉઠી. અય બાગબાન, તારા મોટા એવા હાથમાં મારૂં નાનું જેવું જિસ્મ કેવું લાગે છે અને આટલી મોટી ધારદાર છુરી આગલ મારૂં નાઝુક ગલું! મેં તારી ગુનાહગાર છું, પણ ઝરા સોચ કે, મને મારવાથી તુંને શું હાસિલ થાશે? હું એક લુકમા બરાબર પણ નથી અને મારાથી તારી ભુખ શું મિટશે? મારા બાદ કોઈ બીજું આવીને તારા બાગને બિગાડી જાશે. બાગબાને કહ્યું કે, આ બધી વાતોંથી મારો ઈરાદો નહીં બદલાઈ! ચકલી બેતહાશા બોલી કે, અય બાગબાન! તું તારા કામમાં શિતાબી ન કર. હું જાણું છું કે, તું વરસોથી રોઝી કમાવવા આ તારા બાગમાં મહેનત કરે છે. પણ જો તું મારી વાત પર યકીન કરે તો મારા પાસે એવો નુસ્ખો છે કે, તારી પૂરી કિસ્મત બદલાય જાશે. બાગબાન તઅજ્જુબ થઈને બોલો કે, **"નાની ચકલીને મોટી વાત"**. ચકલીએ આજિઝી કીધી કે, પહેલા તું મારી વાત સાંભલ. મારા ત્રણ કલામો સાંભલા બાદ તુંને જે મનમાં આવે તે કરજે. જો તુંને મારા કલામ પસંદ આવે તો મને છોડી દેજે. તે પછી કોઈ વક્ત આ તારા બાગ તરફ નહીં આવું. બાગબાને કહ્યું કે, ચલ! હવે તારા ત્રણ કલામ કયા છે તે બોલ!

ચકલી બોલી કે, "પહેલી વાત એ છે કે, જે ચીઝ તારા હાથમાંથી ચાલી જાય તેના પર તું પછતાવો ન કરજે. બીજી વાત એ છે કે, જે ચીઝ બનનાર જ નથી તે પર તું યકીન ન કરજે યાઅની ગૈરમુમ્કિનને સાચી ન માનજે. ત્રીજી વાત એ છે કે, જે ચીઝ તારા હાથમાં આવનાર જ નથી તેને હરગિઝ તલબ ન કરજે. બાગબાન ચકલીના આ કલામ સાંભલીને મોતઅક્કિબ થઈ ગયો, સોચ-વિચારમાં પડી ગયો અને પોતાના હાથમાંથી ચકલીને છોડી દીધી.

ચકલી ઉડીને એક દરખ્તના ઊંચા ડાલા પર જઈને બેસી ગઈ. હવે તે આઝાદ હતી. તે બાગબાનને કહે છે કે, જો તુંને મારી એક ચીઝની ખબર પડી જાતી તો તું મને હરગિઝ ન છોડતો. બાગબાન બોલો કે, તે શું ચીઝ છે? ચકલી પોતાના પડને ફડફડાવીને બોલી કે, **મારા પેટમાં મુરઘીના બેદા કરતા પણ એક મોટું ખરૂં મોતી છે.** જો તું મને ઝબેહ કરતો અને તે મોતીને

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

કરઝ એવી બલા છે જે ઈન્સાનને મરીઝ બનાવી દે છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતો
ભલાઈના કામોનો હુકમ કરવો, બુરાઈથી બચવું અને હર વક્ત સાચું બોલવું : કિસ્ત - ૬

ખત્મુલ મુરસલીન મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હર સુન્નતે મુબારકહ અલ્લાહતઆલાના ફરમાને આલીથી મુનાસેબત રાખે છે અને તે ફરમાન પર ચાલવા અને તેને હર હાલ ઉચકવાનો શૌક મુમિનને અપાવે છે. શરીઅતે ગર્રામાં કોઈ એવી સુન્નત છે જ નથી જે આયતે કુરઆનીને ખિલાફ જાતી હોય યા આગલા અંબિયાની સુન્નતોં અને વતીરહથી ઊલટી જાતી હોય. અલ્લાહતઆલાએ હર ઝમાનમાં હર નબીના વક્તમાં જે જે કિતાબો અને સહીફાઓ નાઝિલ કીધા યહાઁ તક કે, આખરી ઈલાહી કલામ કુરઆને હકીમમાં પણ ઉમ્મતના લોગોને ભલાઈના કામોં કરવાનું ફરમાન થયેલું છે. આ સાથે તેની જઝા અને સવાબની ખુશખબરી પણ આપવામાં આવી છે. **આઅમાલુલ બિર્ર-ભલાઈના કામ ઈન્સાનના વિચાર અને વહેવારનો આઈનો છે,** જેમાં ઈન્સાનમાં છુપાયેલો ખિદમતનો ચહેરો આઈનામાં ઝલકી ઉઠે છે. આ જ ઈન્સાન વાસ્તે જે સાહેબ નબી બનીને આવા હોય તો આપની સુન્નતોંમાં ભાઈઓ સાથે ભલાઈ કરવાની શીખામણ પછી કેમ શામિલ ન થાય. ઝરૂર! મુમિન વાસ્તે નબી સાહેબની ખુશી હાસિલ કરવા મૌ. અલી (અ.સ.) ની વલાયતના રસ્તે ચાલી ભલાઈની મંઝિલ પર પહોંચવું વાજિબ છે.

હિકમતના કલામમાં છે કે, એક શખ્સે પોતાના એક દોસ્તને કાગઝ લખીને કહ્યું કે, **"તારા પોતાના કામથી તું લોગોને શીખામણ આપ."** યાઅની કે, તું ખુદ એવા કામ કર કે, તારા કામોં જોઈને બીજાઓને તે મુજબ કરવા તરફ ઝોકો શૌક થાય. તું બોલવા કરતા ઝિયાદહ અમલ કરીને બતાવ. બોલશે તો તમામ, પણ કરશે ઘણા કમ. તારી ઝબાનથી તું બીજાને વધારે શીખામણોં ન આપ, યાઅની ઝબાનથી નહીં, **પણ એવા અમલ કર કે, ખુદ તારા અમલને જ ઝબાન મિલી જાય. ઝબાન કરતા અમલમાં ખૂબ તાકત હોય છે.**

"અય મારા ભાઈ! તું એમ ચાહે છે કે, હક્કતઆલાથી તું કરીબ થાય! તો તું તારા ગુનાહોંથી ડરતો રહેજે અને હક્કતઆલાથી રૂબરૂ થવામાં શરમાતો રહેજે. તારા ગુનાહોંનો હિસાબ જે વક્ત થાશે તો તારી કોઈ તાકત કામ નહીં લાગે, કેમકે હક્કતઆલાની તાકત અને કુદરત ઘણી જ અઝીમ છે, અને તે તારા ભલાઈના કામોંના સબબ તારી તૌબા કુબૂલ કરવા પર જલ્દી કરશે. હક્કતઆલાના અઝાબથી તું ડરતો રહેજે કેમકે, તે જેમ કાફિરો પર કહેર બરપા કરવા પર સખ્ત છે તેમ ભલા મુમેનીન પર રહેમત કરવા પર નરમ છે, તે ગફૂર છે, તે રહીમ છે."

સાહબે હિકમત લુકમાન હકીમ (અ.સ.) એ ફરમાવું કે, "બીજાની ચીઝ જોઈને જે પોતાની ઝાતે શીખામણ લેશે, તેને સાંભલનાર તરીકે હક્કતઆલા તરફથી ફરિશ્તા મુકર્રર થાશે. કોઈના કહેવા બાદ કરવા કરતા આકિલો ફહીમ શખ્સ ખુદ ઈબ્રતની નઝરથી નૈકીને પારખી લે છે અને તેને અપનાવવાની ભરપૂર મહેનત કરે છે. આપ મઝીદ ફરમાવે છે કે, **ઝઈફ-ઉંમરરસીદા શખ્સને ઉંચા પહાડ ઉપર ચઢવું જેમ અઘરૂં લાગે તે જ મુજબ બેવકૂફ, અહમક અને કમઅકલને શીખામણના કોઈ પણ કલામ ભારી પડે છે."**

એક બુઝુર્ગ આલિમ પોતાના ફરઝંદને નસીહત કરે છે કે, અય મારા દીકરા! લોગો જે દિન ઈદ મનાવે છે અને તે દિનને ઈદનું નામ આપે છે, તો શું તમને ખબર છે કે તે દિન, ઈદનો યૌમ શું કામ કહેવાય છે? ફરઝંદે જવાબ આપો કે, તે દિન લોગો ખુશ થાય છે અને એકબીજા સાથે મોહબ્બતથી પૈશ આવે છે. તે આલિમે શાબાશી આપી અને સમઝાવું કે, તમેં યાદ રાખો મારા આ કલામને કે, યૌમે ઈદ, ઈદ મનાવનાર લોગોની હાજિત પૂરી કરી આપે છે જેઓને હમેશા તરહ-તરહના જમવા-પીવાની અને પહેરવા-ઓઢવાની આદત હોય છે. આમ દિનો કરતા આ ઈદનો દિન ઝાએકેદાર જમવા-પીવાનું અને આઅલા લિબાસ પહેરવું તેઓ વાસ્તે લાઝિમ કરે છે. તેથી લોગો તેને યૌમે ઈદ કહે છે.

• પણ, અય મારા દિલબંદ! હમારા વાસ્તે પણ ઈદ છે, જેમાં હમેં હમારા જાનો પર એમ મુકર્રર કીધું છે કે, **દુનિયા હલકી અને બેવફા છે તો તેને નાંખી દેવી,** આખેરત કીમતી અને હમેશાની છે તો તેની ઝિકમાં વક્ત ગુઝારવો અને નૈકી કરીને બીજાને નૈકી કરવા તરફ દાઅવત દેવી. દુનિયાનો એટલો સામાન ઈસ્તેમાલ કરવો અને એટલું જમવું કે, જેનાથી હમારો જાન આ જિસ્મ સાથે રહી શકે, ઈબાદત કરી શકે. ઝિયાદહ લેવું નહીં કે, જેથી હિસાબ આપવો પડે. જે દિન આ મુજબ હમારી આરઝૂ પૂરી થાય છે **તે દિન હમારા વાસ્તે ઈદનો દિન છે.** હમને આ જ મુજબ ઝિંદગી ગુઝારવામાં ઘણી ખુશી મિલે છે.. ☆

તદબીર-કોશિશ કરવી ઝિંદગીનો અડધો મઝા છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસૂલ ખાસ મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૨૩

રસૂલુસ્સકલૈન મોહંમદુલ મુસ્તુફા (સ.અ.વ.વ.), ઈલ્મ અને મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના રિશ્તા વાસ્તે ફરમાવે છે કે, "અના મદીનતુલ ઈલ્મે વ અલીયુન બાબોહા", યાઅની, હું ઈલ્મનું શહેર છું અને અલી તેના દરવાઝા છે. નબી સાહબે આ પણ હદીસે મુબીન ફરમાવી છે કે, "અના વ અલીયુન મદીનતુલ ઈલ્મે વ સલમાનો બાબોહા", યાઅની, હું અને અલી ઈલ્મના શહેર છે અને સલમાન તેના બાબ છે. મૌ. સલમાન (રિ.અ.) વાસ્તે એક બીજી હદીસે મુબીનમાં આપ ફરમાવે છે કે, "**સલમાનો મિન્ના અહલલ બૈત યોસલ્લી અલયહે વ યોસલ્લમ**", યાઅની, સલમાન હમારા માંથી છે, અહલુલ બૈત (અ.સ.) માંથી છે, જે મુજબ હમારા ઉપર સલવાતો સલામ પઢવામાં આવે છે તેમ સલમાન પર પણ સલવાતો સલામ પઢવામાં આવે.

કુરઆને કરીમમાં સુલૈમાન નબી (અ.સ.) અલ્લાહતઆલાને દોઆ ફરમાવે છે કે, "રબ્બે હબલી મુલ્કન લા યમ્બગી લેઅહદિમ મિન બાઅદી, ઈન્નકા અન્તલ વહ્હાબ", યાઅની, અય મારા રબ! તું મને મારી હયાતીમાં એવું મુલ્ક અતા કર કે, મારા બાદ કોઈને આ તરહનું મુલ્ક ન મિલે. તું તો ઘણું જ બખ્શવાવાલો છે. સુલૈમાન નબીએ મુલ્કને હાસિલ કરવાની આ અરઝથી ઝમાનાના ઈમામના બાબ-રૂહાની દરવાઝા પોતાને બનાવવાની ઈલ્તેજા બારગાહે રબ્બાનીમાં કીધી. સુલૈમાન નબીની અરઝ કુબૂલ થઈ અને આપ ઝમાનાના મુસ્તકર ઈમામ ના બાબ થયા. યાદ રહે કે, **બાતિનમાં ઈમામતના સિલસિલાથી જ ઝાહિરમાં નુબૂવત કાઈમ રહી શકે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વસીએ અકરમ મૌ. અલી મુશ્કિલકુશા છે, તો આપના બાબ મૌ. સલમાનુલ ફારસી છે.** વહાઁ સુલૈમાન નબી ઝાહિરમાં નુબૂવતના દરજા પર છે અને બાતિનમાં ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના બાબ છે. યહાઁ મૌ. સલમાન ઝાહિરમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના એક અદના ખાદિમ અને સોહબતી છે, પણ બાતિનમાં નબી સાહેબના બાબ છે. અરબી ઝબાનના કાયદા મુજબ "**સુલૈમાન**" યાઅની "નાના સલમાન" થાય અને "**સલમાન**" યાઅની "મોટા સુલૈમાન" થાય. આ જ મિસાલ પર "**હુસૈન**" યાઅની "નાના હસન" થાય અને "**હસન**" યાઅની "મોટા હુસૈન" થાય.

ચાદરે પાકીઝા-કિસાએ તત્હીરમાં પંજતને પાક (અ.સ.) યાઅની મોહંમદુલ મુસ્તફા, અલીયુલ મુરતઝા, ફાતેમા ઝહરા, ઈમામ હસન અને ઈમામ હુસૈન સલામુલ્લાહે અલયહિમ જમા થયા તો અલ્લાહતઆલા તરફથી આયતુત્તત્હીરના ઝરીએ ખુશખબરી આવી કે, અલ્લાહતઆલા એમ ઈરાદો રાખે છે કે, આપ અહલુલ બૈતથી તમામ નાપાકીને દૂર કરીને આપને તૈયેબ-પાકીઝા-તાહિર રાખે. હવે નબી સાહેબે મૌ. સલમાનને અહલુલ બૈત (અ.સ.) માં શામિલ કીધા તો આપ પણ તાહિર-તૈયેબ અને નાપાકીથી બરી થઈ ગયા.

મૌ. હેબતુલ્લાહ મોઅય્યદ શીરાઝી સાહેબ (આ.કુ.), ૧૮ માં ઈમામે ફાતેમી મૌ. મુસ્તન્સિર બિલ્લાહ (અ.સ.) ના બાબ હતા, જેમ મૌ. સલમાન, નબવી બાબ હતા, આપ મૌ. અહમદ હમીદુદ્દીન કિરમાની સાહેબ (આ.કુ.) ના શાગિર્દ હતા, જે ૧૬ માં ઈમામે ફાતેમી મૌ. હાકિમ બેઅમરિલ્લાહ (અ.સ.) ના બાબ હતા. મૌ. મોઅય્યદ શીરાઝી સાહેબ અને મૌ. સલમાન-આ બેવે, નબીયુલ્લાહ મૌ. સુલૈમાન બિન નબીયુલ્લાહ મૌ. દાઊદ (અ.સ.) ની નસ્લે પાક-ઝુર્રીયતે તાહેરહ માંથી હતા.

જન્નતની એક નહેર "સલસલ" ના નામથી શનાખ્ત થાય છે. હક્કતઆલાની આ દાઅવતે અક્લીયહમાં હર મરતબાના સાહેબ એક જન્નત મુજબ છે અને ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના બાબ પણ આ જન્નતમાં શુમાર થાય છે. લેહાઝા, દાઅવતુલ હક્કમાં બાબના મરતબાને "**સલસલીયહ સલમાનીયહ**" કહેવામાં આવે છે. મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) નું નામ "**સલસલ**" પણ હતું. આપ, મૌ. અલી મુશ્કિલકુશા (અ.સ.) ના આઅલા શાગિર્દ અને મોહિબ્બે સાદિક હતા. જે મૌલા હર વક્ત આપના શીઆ ખોલસાને ફરમાવતા કે, "**સલૂની, સલૂની કબ્લા અન તફ્કેદૂની**", યાઅની, તમેં મને પૂછી લો,

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

ઝિંદગીનો પૂરેપૂરો મઝા કોશિશ સાથે કામિયાબી હાસિલ કરવી છે.

(પેજ નં. ૬ નું બાકી)

પૂછી લો તે પહેલા કે તમેં મને ખોઈ દો, યાઅની હું તમારા દરમિયાનથી ઈન્તેકાલ કરી જાઉં તે પહેલા શરીઅતના હલાલો હરામ બાબત મને પૂછી લો. આ જ મુજબ મૌ. સલમાન ફરમાવતા કે, "સલ સલ", યાઅની, સવાલ કરો-સવાલ કરો. બેશક! મૌ. સલમાન જન્નતની આઅલા નહેર "**સલસલ સલસબીલ**" ની શાનના માલિક હતા.

-::: નસીહતે મૌ. સલામાનુલ ફારસી (રિ.અ.) :::-

આપ હમેશા ફરમાવતા હતા કે, મને નિહાયત તઅજ્જુબ થાય છે તે વાત પર કે, ઈન્સાન શું કામ પોતાની ઝાત પર તકબ્બુરી કરે છે. હાલાંકે એના હાલાત હર ઘડી બદલાતા રહે છે અને એને હરગિઝ માઅલૂમ નથી કે, આવનાર ઘડીમાં એનું શું થાનાર છે! મને ૬ વાતોં પર બેઈન્તેહા તઅજ્જુબ પૈદા થાય છે. આ વાતોં માંથી ત્રણ ચીઝોથી એને ખુશ થાવા જેવું છે અને બાકીની ત્રણથી રોવા જેવું છે.

જે ત્રણ વાતોંથી હસું આવે છે તે એ છે કે, એક શખ્સ દુનિયાને તલબ કરવા પર મશગૂલ રહે છે, દુનિયા પાછલ દોડે છે, દુનિયાને પોતાની તરફ સમેટવાની હરદમ કોશિશમાં પડેલો રહે છે, મગર મૌત એને પોતાના પંજામાં જકડવા એને પાછલ પડેલી હોય છે. એ દુનિયાને પકડવા ભાગે છે તો મૌત એને પકડવા તૈયાર રહે છે. બીજું એ કે, એક શખ્સ આખેરતના ખયાલથી ગાફિલ છે મગર એના હર અમલની ફહેરિસ્ત ફરિશ્તાઓ તૈયાર કરી રહ્યા છે. એક તરફ એ ગફલતની ઊંઘમાં છે અને બીજી તરફ એનું આઅમાલનામું તૈયાર થઈ રહ્યું છે. ત્રીજી વાત એ કે, એક શખ્સ આ દુનિયાની ઝાહિરી નેઅમતોં પર ખુશ થઈ રહ્યો છે મગર ખુદાતઆલા એનાથી નારાઝ છે. **ઐશો આરામમાં ડૂબેલા ઈન્સાનને ખુદાની નારાઝગી નઝર આવતી નથી.**

જે ત્રણ વાતોંથી રોવું આવે છે તે એ છે કે, ૧) આ ઝાલિમ અને બાતિલ ઝમાનામાં લોગોની મોહંમદ અને આલે મોહંમદ (સ.અ.વ.વ.) થી જુદાઈ, ૨) મૌત અને મૌત બાદના હાલાતનો ખૌફ અને ૩) રૌઝે કેયામત ખુદાતઆલાના નઝદીક હિસાબ-કિતાબ વાસ્તે પૈશ થાવાની ઘડી, આ તમામ ચીઝ સોચીને દિલ ગમગીન થાય છે. મગર ઈન્સાનને ઈબરત લેવી જોઈએ કે, આ બેસિબાત દુનિયામાં જ્યાં ઘડીભર નો ભરોસો નથી ત્યાં ખુદાતઆલાની કઝા પર યકીન રાખવું જ મોટામાં મોટી હસનત છે. ✯

(પેજ નં. ૧૧ નું બાકી)

લઈ લેતો અને બાઝારમાં વહેંચતો તો બાદશાહોંના ખઝાનાઓ કરતા પણ ઝિયાદહ દૌલત તુંને હાસિલ થાતી. આ વાત સાંભલીને બાગબાન પછતાવો કરવા લાગો અને કહેવા લાગો કે, અય ચકલી! તું તારૂં ખાવાનું ઢુંઢવા ચારે બાઝૂં ફિરે છે, ભટકે છે. હું ચાહું છું કે, હું તુંને મારા ઘરમાં રાખું. જે તું ચાહે તે મારા બૈરો તુંને આપશે. ખુશી સાથે તું મારા ઘરમાં તારી ઝિંદગી ગુઝારજે.

ચકલી હસતા-હસતા બોલી કે, અય બેવકૂફ મરદ, અય અહમક આદમી, તું ભલે ઈન્સાન છે પણ તું લાલચી છે, તું કમઝાત છે. યાદ કર મારા ત્રણ કલામોને કે જેમાં મેં તુંને પહેલી વાત કહેલી કે, જે ચીઝ હાથ માંથી ચાલી જાય તેના પર અફસોસ ન કરીશ. હું તારા હાથમાં હતી અને હવે નથી, તો અય બાગબાન મારા પેટ માંથી મોતી હાસિલ કરવા વાસ્તે ગયેલી ચીઝ પર પછતાવો ન કર. મારી બીજી વાત યાદ કર કે, જે ચીઝ નામુમ્કિન હોય તેના પર યકીન ન કર. તો અય મરદે જાહિલ, મેં નાની જેવી ચકલી, મારા પેટમાં મારા પૂરા જિસ્મ કરતા મુરઘીના બેદા કરતા મોટું મોતી કેવી રીતે સમાય? બેદા કરતા અડધા વઝનનું પણ મારૂં જિસ્મ નથી, ને હું તેને મારા પેટમાં લઈને કઈ રીતે ઉડું? મારી ત્રીજી વાતને યાદ કર કે જે તારા હાથમાં આવનાર જ નથી તેને તલબ ન કર. હું તારા હાથ માંથી નીકલી ચુકી છું, ને હું જાણું છું કે, જો હું તારા હાથમાં પાછી આવીશ તો મારો શું અંજામ થાશે. અય બાગબાન! તારૂં મને તલબ કરવું બેમાઅના છે. **હું મારી આઝાદીમાં ખુશ છું અને તું આ બાગમાં ખુશ રહે.** તારી અક્લ આ બાગ સંભાલવા જેટલી જ છે. પણ જો તું મારી વાત પર ગૌર કરીશ તો કોઈ વક્ત તું છેતરાશે નહીં.

અય કારેઈન! ચકલી અને બાગબાનની આ કહાનીથી ઘણી શીખામણ હમને હાસિલ થાય છે. હક્કના સાચા લોગો ઘણા કમ હોય છે પણ એમની દલીલો હુજ્જત અને કલામી ખૂબ ગહેરી હોય છે. મોટી કદના બાતિલના લોગોને પછાડવા વાસ્તે નાના મુમિનના ચંદ હિકમતના કલામ જ કાફી હોય છે. ✯

ખાલિસ અને સાચી મહબ્બત અડધી અકલમંદી છે.

નૈક ચાલ-ચલન - ઈસ્લામની બુનિયાદ

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શરીઅત બહેતર અખ્લાકનો મેઅયાર છે. ખુદાતઆલાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને ખિતાબ કરીને એમ ફરમાવું કે, "ઈન્નકા લઅલા ખોલોકિન અઝીમ", યાઅની, આપના અખ્લાક ઘણા બહેતર છે. આપ ફરમાવે છે કે, "ખુદાએ મને દુનિયામાં મોકલો જ એ વાસ્તે છે કે, મેં બહેતર અખ્લાકને તમામીયત તક પહોંચાવું." તેથી આપની સીરત બહેતર અખ્લાકનો એક ગુલદસ્તો છે, જેમાં કિસમ-કિસમના ફૂલો માંથી ખુશ ચાલ-ચલનની મહેક આવે છે. આપની હરએક સીરત, હરએક આદત, હરએક અમલ, બહેતર અખ્લાકના ગુલદસ્તામાં એક મહેકતા ફૂલની મિસિલ છે.

અદી બિન હાતિમ જે હાતિમતાઈના ફરઝંદ છે, જેનાથી સખાવત આલમમાં એટલી મશહૂર છે કે, એ સખાવતની આઅલા મિસાલ બની ગયા છે. એ કહે છે કે, મેં નસારાના દીન પર હતો. મારા દિલમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) વાસ્તે ઘણી નફરત હતી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના લશ્કરે જે વક્ત હમારા પર હમલો કીધો તો મેં ભાગીને શામ ચાલો ગયો, જેથી મેં મારા મઝહબના લોગોને સાથે રહું. મારા બહેન સફાના કૈદમાં પકડાઈને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પાસે લાવવામાં આવા.

મૌલાના અલી (અ.સ.) થી ઝિક્ર છે કે, સફાના બોલવામાં ઘણા ફસીહા અને સાફ હતા. સફાનાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને અરઝ કીધી કે, આપ મારા પર કરમ ફરમાવો, આપ મને છોડી દો. જેથી અરબના કબીલાઓમાં મારી રૂસવાઈ ન થાય, કેમકે, મેં મારા કૌમના સરદારની દીકરી છું. મારા બાવાજી મુસીબતઝદાને મદદ કરતા હતા, ભુખાને જમન જમાડતા હતા, બરહનાને કપડા પહેરાવતા હતા, કોઈ હાજિતમંદને પોતાના ઘરથી ખાલી વાલતા ન હતા. મેં હાતિમતાઈની દીકરી છું. આ સાંભલીને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"હાઝેહી સિફાતુલ મુમેનીન"**, યાઅની, આ બધી સિફ્તોં તો મુમેનીનની સિફાત છે. અય સાહબો, આ દીકરીના બાવાજી મકારેમુલ અખ્લાકને મોહબ્બત કરતા હતા, **તેથી એને છોડી દો.**

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ હાતિમતાઈની દીકરી સફાનાને ફક્ત કૈદથી જ રિહા ન કીધી, બલ્કે એને મદીનામાં ઈકરામથી રાખી. જે વક્ત શામ જાવા લોગોનો કાફલો નિકલો, તે વક્ત એના સાથે સફાનાને હિફાઝતથી મોકલી આપી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરમાનથી એને કપડા આપવામાં આવા, બારકશ આપું અને રસ્તામાં ઝરૂરત-ખર્ચ વાસ્તે પૈસા પણ ઈનાયત ફરમાવા.

અદી કહે છે, મારી બહેન સફાના મદીનાથી શામ મારા પાસે આવી અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના મકારેમુલ અખ્લાકની ઝિક્ર કીધી અને મને સલાહ આપી કે, મેં જલ્દીથી નબી સાહેબ પાસે જાઉં. મેં શામથી નિકલીને મદીના પહોંચ્યો. આપની હઝરતમાં આવો.

આપ મસ્જિદમાં તશરીફ રાખતા હતા. મેં આપના પર સલામ બોલ્યો. આપે પૂછું કે, તમેં કોન છો? મેં અરઝ કીધી કે, અદી બિન હાતિમ છું. નબી સાહેબ તે જ વક્ત ઉભા થયા અને આપના ઘર તરફ જાવાની તૈયારી કીધી. ખુદાના કસમ! આપ મને લઈને ઘર તરફ પધારે છે. એટલામાં એક મોટી ઉંમરના ઘણા સાદા ઝઈફા બૈરો રસ્તામાં આપને અરઝ કરવા લાગા. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એની વાત સાંભલવા ઉભા રહ્યા. એ બૈરો એક લંબી મુદત તક આપના સાથે પોતાની હાજિતની અરઝ કરતા રહ્યા અને આપ તમક્કુનથી એની વાત સાંભલતા જ રહ્યા. આમ કરતા કરતા અરસો ઘણો દરાઝ થયો, તે વક્ત મેં મારી ઝાતમાં કહેવા લાગો કે, ખુદાના કસમ! **આપ કોઈ બાદશાહ નથી, નહી તો આ મુજબ અમલ ન કરે.**

તે બૈરો પોતાની વાત પૂરી કરીને વલા, તે બાદ આપ મને આપના ઘરમાં લઈને પધારા અને ત્યાં એક તકીયો મુકો અને મને એના પર બેસવાનું ફરમાવું. તે વક્ત મેં અરઝ કીધી કે, આપ પહેલા તેના પર બેસો. પણ આપે મને બેસવાનું કહ્યું. મેં તકીયા પર બેસો અને આપ ઝમીન પર બેસા અને મારા સાથે વાત કીધી. તે વક્ત મેં મારી ઝાતમાં કહ્યું કે, **હક્કન હક્કા, આ તો નુબૂવતનો તવાઝો છે અને રિસાલતની નિશાની છે.** આપ કઈ બાદશાહ નથી. હક્કના નબી જ આ મિસિલ અમલ કરી શકે છે. સૈયેદના ઈદરીસ ઈમાદુદ્દીન સાહબ (ક.રૂ.) ઝિક્ર ફરમાવે છે કે, અદી બિન હાતિમ ઈસ્લામ લાવા. ખૈર અને મુત્તકી તાબેઈન માંથી થયા અને અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ના મુખ્લેસીન શીઆ માંથી થયા.

(બકીયાહ પેજ નં. ૯૫૨)

નૈક વિચાર કરીને ઉમ્દા સવાલ કરવો અડધું ઈલ્મ છે.

ઈલ્તેજા બારગાહે માઁ ફાતેમા (અ.સ.)

આપ બિન્તે મુસ્તફા હે ઝૌજએ મુશ્કિલકુશા,
જરૂર સુનો અપને મોહિબ્બોં કી ખબર યા ફાતેમા.

આપકી તાઅઝીમ કરતે થે હમેશા મુસ્તફા,
આપકા રૂત્બા હે હવ્વા ઔર સારા સે સિવા,
થે મલક ઝૂલા ઝુલાતે આપકે દિલખંદ કા,
આપકી ઈસ્મત કી ખાતા હે ક્સમ ખુદ કિબરીયા,

આપ બિન્તે મુસ્તફા હે ઝૌજએ મુશ્કિલકુશા,
જરૂર સુનો અપને મોહિબ્બોં કી ખબર યા ફાતેમા.

ઔરતોં મેં આપ પર હક્ક કી ઈબાદત ખત્મ હે,
હક્ક કી તાઅત ઔર શૌહર કી ઈતાઅત ખત્મ હે,
ઝોહદો તકવા ઈફ્ફતો ઈસ્મત રિયાઝત ખત્મ હે,
ઔર રોઝે હશ્ર બીબી પર શફાઅત ખત્મ હે,

આપ બિન્તે મુસ્તફા હે ઝૌજએ મુશ્કિલકુશા,
જરૂર સુનો અપને મોહિબ્બોં કી ખબર યા ફાતેમા.

આપકી તસ્બીહ કરતે હૈં મલક સુબ્હો મસા,
પંજતન મેં ઝાત શામિલ આપકી સલ્લે અલા,
આપકો ખૈરુન્નિસા ફરમાતે થે ખૈરુલ વરા,
આપકી ઈસ્મત કા ચરચા હે ઝમીં સે તા સમા,


આપ બિન્તે મુસ્તફા હે ઝૌજએ મુશ્કિલકુશા,
જરૂર સુનો અપને મોહિબ્બોં કી ખબર યા ફાતેમા.

લોઅલોઓ મરજાન જિનકો હક્કને દુઆઁ મેં કહા,
આપકે લખ્તે જિગર હે મરહબા સદ મરહબા,
બહરે ઉમ્મત એક ને ઝેહરે હલાહલ પી લિયા,
રાહે હક્ક મેં એક ગરદન કો કટા કર ખુશ હુવા,

આપ બિન્તે મુસ્તફા હે ઝૌજએ મુશ્કિલકુશા,
જરૂર સુનો અપને મોહિબ્બોં કી ખબર યા ફાતેમા.

મુસ્તફા ઔર મુરતઝા કી આપ બેશક રાઝદાઁ,
સૌ ઈમામે હક્કનુમા કી આપ માદર બેગુમાઁ,
ઝયનબો કુલસૂમ સી હે આપ કી શહેઝાદીયાઁ,
આપ કે શૌહર કા સાની દો જહાઁ મેં હે કહાઁ,

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)



(પેજ નં. ૬ નું બાકી)

કત્લે આમ કરે છે. સઘલા આ મિસિલના **Scientific Instruments** થી હમારી આદતોં અને વક્ત બદલાઈ ગયા છે કે, "હમેં ખુદાને ભૂલી ગયા છે." જેમ ખુદાતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "જે ઈન્સાન ખુદાને ભૂલી ગયો તે ખુદ પોતાની ઝાતને ભૂલી ગયો." બલ્કે એમ કહેવું બજા છે કે, સઘલા પોતાની ઝાતને ભૂલી ગયા છે. ઈન્સાનને એના અક્લ અને નફ્સના જૌહરની કદર કરવા કરતા હવે એ ફના થાનાર, મિટનાર દુનિયાના સાઝો-સામાનની ઝિયાદહ કદર કરે છે. એના અક્લથી એની નફ્સમાં ગૌરો ફિકર કરવા કરતા **Computer** ના **Hardware** અને **Software** માં ઝિયાદહ દિલચસ્પી રાખે છે. હર શખ્સ જાણવા ચાહે છે કે, આજે માર્કેટમાં **Software** નું કયું નવું **Version** આવું છે. કેમકે, **Computer** ના **Software** જે માર્કેટમાં મિલે છે તે થોડા વક્ત બાદ **Out-dated** અને જુના થઈ જાય છે. તે વાસ્તે **Software Companies** થોડા-થોડા વક્ત બાદ તેના **Program** માં સુધારો-વધારો કરીને તેને **Update** કરતા રહે છે અને તેનું નવું **Version** નિકાલતા રહે છે. ★

અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.

નોંધ : મિશ્કાતુલ-હાદીના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

સાલાના લવાઝેમાત (Yearly Subscription)
₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તારવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★